શહેરની યુવતીએ હાથે બ્લેડ મારીને પોતે જ ૧૦૮ બોલાવી

હાથમાંથી લોહીના ફૂવારા થતા ચ-૫ સર્કલના બાકડે બેસી જઈ કોલ કર્યો : સગાઈના પ્રશ્ને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની શક્યતા

ગાંધીનગર, તા. ૧૬

શહેરના નવા એમ.એલ.એ. ક્વાર્ટર્સમાં રહેતી ૨૨ વર્ષીય કોલેજીયન યુવતીએ આજે સવારના સુમારે ચ-૫ સર્કલ પાસે આવીને કોઈ કારણોસર પોતાના જમણા હાથે બ્લેડથી ચારથી પાંચ ઘા મારી દઈ નસો કાપી નાંખવાના પ્રયત્નો કર્યા હતા. આપઘાતનો પ્રયાસ કર્યા બાદ લોહીના ફુવારા હાથમાંથી ઉડવા લાગતા ગભરાઈ જઈને યુવતીએ જાતે જ પોતાના મોબાઈલ પરથી ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરી બોલાવી લીધી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયેલી યુવતી કયા કારણોસર હાથે બ્લેડ મારી તે પ્રશ્નનો જવાબ આપવામાં મગનું નામ મરી પાડતી ન હતી. જો કે પ્રાથમિક તબક્કે સગાઈ કરવાના મામલે યુવતીએ આ પગલુ ભર્યુ હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

પાટનગરમાં સ્થિત નવા એમ.એલ.એ ક્વાટર્સ ખાતે રહેતી અને શહેરની જ એક કોલેજમાં અભ્યાસ કરતી ૨૨ વર્ષિય યુવતી ચાલતી-ચાલતી સવારે સાડા અગિયાર વાગ્યાના અરસામાં ચ-૫ સર્કલ પાસે પહોંચી હતી અને અચાનક જ કોઈ કારણોસર હાથમાં બ્લેડ લઈને જમણા હાથના કાંડે ચીરા મારવાનું શરૂ કરી દીધુ હતુ. હાથમાંથી લોહીની ધાર વહેવા લાગતા યુવતી પોતે ગભરાઈ ગઈ અને પોતાનાજ મોબાઈલથી ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ કરીને ચ-૫ સર્કલ પાસે બાંકડા પર લોહી-લુહાણ હાલતમાં બેઠી હોવાનું જણાવી એમ્બ્યુલન્સ બોલાવી લીધી હતી. સારવાર માટે તાત્કાલિક તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લી જવામાં આવી હતી. જો કે તેણીની હાલત હાલ સુધારા પર છે પરંતુ કયા કારણોસર તેણીએ આપઘાતનો પ્રયાસ કર્યો તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યુ નથી. આ સંદર્ભે કોઈ પોલીસ ફરીયાદ પણ નોંધાવવા પામી નથી. જો કે સુત્રો પાસેથી મળતી વિગત મુજબ યુવતીએ તેણીના સગાઈના કોઈ પ્રશ્નને લઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

માદરે વતનમાં તહેવાર ઉજવવા જતા લકઝરી બસના છાપરે મુસાફરી કરતા મુસાફરો

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના મુખ્ય જંકશન મથક ગણાતું ચિલોડા સર્કલે દર જાહેર તહેવારોમાં ભારે અવરજવર કરતા મુસાફરોથી ખાનગી વાહન ચાલકો માટે અનોખો દિવસ બની રહ્યો હતો. આમ અમદાવાદથી રાજસ્થાન વાયા ચિલોડા સર્કલથી પરપ્રાંતિય નાગરિકો પોતાના માદરે વતને તહેવાર ઉજવવામાં ભારે હેરાફેરી કરતા હોય છે.

જેમાં દિવાળી, હોળી-ધૂળેટી તથા ઉત્તરાયણ પર્વમાં પોતાના કુટુંબીજનો સાથે તહેવારની ઉજવણી કરવા હરહંમેશ પોતાના માદરે દોડી જતા તહેવારપ્રિય લોકો જાનના જોખમે લકઝરી બસના છાપરે બેસી અસંખ્ય મુસાફરો ચિલોડા સર્કલને નજરે પડતાં ગંભીર અકસ્માતો થવા છતાં હજુયે મોતની પરવા કર્યા વિના મોટી સંખ્યામાં મુસાફરોમાં મહિલાઓ પણ છાપરે બેસી દૂર-દૂરના વતને જવા ભારે જહેમત ઉઠાવી રહી છે. એક બાજુ અકસ્માતોની વણથંભી વણઝાર જ્યારે બીજી બાજુ જાનની પરવા કર્યા વિના હાઈવે રોડ પર બેરોકટોક વિના કાયદાથી એસ્ટ્રીસ્ટી કરી બેફામ લકઝરી બસો દોડી રહ્યા છે. આમ છતાં અકસ્માતોમાં મોટી જાનહાની ન થાય તેવા હેતુસર તંત્રે લાલ આંખ કરવાની તાતી જરૂર જણાય છે. તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગરના ૬ ખેલાડીઓ નેશનલ હેન્ડબોલ સ્કૂલ ગેઈમમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સહેરના હેન્ડબોલ રમતના ૬ ખેલાડીઓ તાજેતરમાં ૫૮મી નેશનલ સ્કૂલ ગેઈમમાં ન્યૂ દિલ્હી ખાતે રમવા ગયા હતા અને સુંદર પ્રદર્શન કરી રાષ્ટ્રીયકક્ષાના ખેલાડીઓ સાથે રમી નવો અનુભવ મેળવ્યો હતો.

ગાંધીનગરના સાંઈ સેન્ટરના હેન્ડબોલના કોચ શશીમોહન અને મહેશ્વરી ધુમલના માર્ગદર્શન હેઠળ સ્વામીનારાયણ ગુરુકુલ વિદ્યાલયના ઋતુશ્રી થોરાત, હિલવુડ સ્કૂલના ઋચા, મીત પટેલ, રાજ, શૈયદ અઝર અબ્બાસ અને નિલમ ડામોરે તાજેતરમાં ન્યુ દિલ્હી ખાતે યોજાયેલી ૫૮મી નેશનલ સ્કૂલ ગેઈમ્સ હેન્ડ બોલમાં ભાગ લીધો હતો અને ગુજરાતની ટીમનું નેતૃત્વ કર્યુ હતું. રાષ્ટ્રકક્ષાએ જનાર આ વિદ્યાર્થી ખેલાડીઓને શાળા પરિવાર અને વાલીગણે અભિનંદન પાઠવ્યા છે.

શ્રી જય અંબે પરિવાર દ્વારા શ્રી જગદંબા પ્રાગટ્ય મહોત્સવ તથા શૈક્ષણિક સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૧૬

શ્રી જયઅંબે પરિવાર ગાંધીનગરનો શ્રી જગદંબા પ્રાગટ્ય મહોત્સવ તથા શૈક્ષણિક સન્માનનો સ્નેહમિલન તા. ૨૫ જાન્યુઆરીના રોજ યોજાશે. તેમજ તા. ૨૭ જાન્યુઆરી જગદંબા પ્રાગટ્ય મહોત્સવ નિમિતે જગદંબા પૂજન, અન્નકુટ અર્પણ વિધિ તથા દિવસભર ધાર્મિક કાર્યક્રમ થનાર છે. રકતદાન શિબિર અને આનંદ ગરબો પણ યોજાશે.

પેન્શનરો પૂર્વ ભારતના પ્રવાસે

ગાંધીનગર, તા.૧૬

યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિવાળા ગાંધીનગરની અનેક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા પેન્શનરોને અત્યાર સુધી કૈલાસ, માનસરોવર, હરિદ્વાર, ઋષિકેશ, ઈન્દોર, રાજસ્થાન વગેરે પ્રવાસ આયોજક એવા સેકટર-૨૪ના ૮૬ વર્ષની વયે પણ પ્રવાસનું માર્ગદર્શન તેમના અનુભવોને આધારે આપતા એવા ડાહ્યાભાઈ ગાંધી ૧૦ પેન્શનરો, કુટુંબપેન્શનરોને ૨૬ દિવસના જગન્નાથ પુરી, કલકત્તા, ગંગાસાગર, દાર્જલિંગ, સીક્કિમ, પ્રવાસે તા. ૧૮મી જાન્યુઆરીથી ૧૪ ફેબુઆરી સુધી લઈ જશે. પ્રવાસ તા. ૧૮ જાન્યુઆરીના રોજ બપોરે જગન્નાથપુરી એક્ષપ્રેસથી થશે. ગાંધીનગર પ્રબુદ્ધ નગરજનોએ ડાહ્યાભાઈ ગાંધીને આર્શિવાદ સહ શુભેચ્છા પાઠવેલ છે.

આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ ગેસ ભાવ વધારા સામે ધરણાં

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલે જણાવ્યું છે કે, ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં આપવામાં આવેલા સીએનજી/પીએનજી ગેસના ભાવ વધારાના વિરોધમાં આજે બપોરે ૧ કલાકે પથિકાશ્રમ, ઘ-૩ સર્કલ પાસે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવશે. કોંગ્રેસના સર્વે કાર્યકરોને ભાવ વધારા વિરોધના ધરણામાં હાજર રહેવા જણાવાયું છે.

આમ આદમી પાર્ટીના જિલ્લા સ્થાપન સંમેલનમાં જોડાવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૬

સામાન્ય માણસના પક્ષ તરીકે ઉભરી આવેલી 'આમ આદમી પાર્ટી'માં જિલ્લા કક્ષાએ કારોબારી નોંધણી કરવાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે પાર્ટીના અધ્યક્ષ દ્વારા જણાવાયું છે કે પાર્ટીના સંગઠન માટે જિલ્લા સ્થાપન સંમેલનની કામગીરી ચાલી રહી છે. જેમાં જોડાવા માટે કાર્યકરોને અનુરોધ કરવામાં આવ્યા છે.

દેસભરમાં સંગઠન બનાવવાના હેતુસર જિલ્લા કક્ષાએ કારોબારી નોંધણી કરવાની કાર્યવાહી ચાલી રહી છે. આ માટે જિલ્લા ગાંધીનગરમાં સંગઠન સંમેલન થઈ રહ્યું છે. સંગઠન સંમેલનમાં આખા જિલ્લામાંથી કારોબારી તેમજ કાર્યકરો અને સમિતિની રચના કરી વિધિવત નિમણૂંક કરવામાં આવશે. આ બાબતે પ્લોટ નં. ૫૧૪/૧, ગોકુળ સોસાયટી, સેકટર-૮, ગાંધીનગર ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન રશ્મિન ત્રિવેદી અથવા કિશન સોલંકીનો મો. નં. ૯૯૯૮૨ ૧૨૪૬૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

આજે અમરધામ ટ્રસ્ટ દ્વારા સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં સામાજિક સેવાઓ ક્ષેત્રે અમરધામ ટ્રસ્ટ દ્વારા વિધવા, ત્યકતા, વૃધ્ધો તથા અપંગોને રહેવા, જમવા તથા તબીબી સારવાર મળી રહે અને આત્મનિર્ભર બને તે માટે અમરધામ ટ્રસ્ટ તા. ૧૭મી જાન્યુઆરીથી કાર્યરત બનશે. તેના શુભારંભે પ્રસિધ્ધ લોકસાહિત્યકાર તથા કથાકાર કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે સંગીતમયી સુંદરકાંડનું આયોજન તા. ૧૭મી જાન્યુઆરીના રોજ પ્લોટ નં. સી-૧, ગ્રીનસીટી, સેકટર-૨૬માં રાત્રે યોજાશે.

આ પ્રસંગે અશોકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી ગાંધીનગર, શંકરસિંહ રાણા, ચેરમેન, મધુર ડેરી, દેવેન્દ્રસિંહ ચાવડા, કોર્પોરેટર મનપા, ગાંધીનગર, રોહિતભાઈ મહેતા, મેનેજિંગ ડિરેકટર, મધુર ડેરી, મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે.

શ્રીમતી હસુમતી બેન પ્રમુખશ્રી, અમરધામ ટ્રસ્ટ, સંગીતાબેન રાઠોડ, સંસ્થાપક, અમરધામ ટ્રસ્ટે જણાવેલ છે.

એસ.બી. પટેલ કન્યા શાળામાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલા કડી સર્વ વિદ્યાલય સંચાલિત આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં તાજેતરમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું માર્ગદર્શન આપી જરૂરી વિગતો આપી હતી.

શાળાના ધોરણ-૧૧ અને ૧૨ કોમર્સના બાળકો ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમોથી માહિતગાર બને અને શ્રેષ્ઠ પસંદગીનો વિકલ્પ પંસદ કરી શકે તે હેતુથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત તમામ સામાન્ય પ્રવાહ (કોમર્સ)ના બાળકો માટે કારકિર્દી સેમિનારનું આયોજન શાળા પરિસરમાં આવેલ પી.ટી.સી. હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય એડવાઈઝર વ્રજેશ શાહ અને હિનેન શાહ હાજર રહ્યા હતાં.

કારકિર્દી સેમિનારમાં સસલા અને કાચબાની હરીફાઈને જુદા જુદા ફોર્મેટમાં રજૂ કરી અને વિદ્યાર્થીઓને કયારેય નિષ્ફળતાથી નિરાશ ન થતાં સતત નવા વિકલ્પો તરફ દૃષ્ટિ દોડાવી પસંદગીના ક્ષેત્રમાં શ્રેષ્ઠતમ પરિણામ હાંસલ કરીને આગવી છાપ ઉભી કરવાની પ્રેરણા આપી હતી. ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે ધો-૧૨ પછી બી.બી.એ. અને એમ.બી.એ., બી.સી.એ. અને એમ.સી.એ., સી.એસ. અને સી.એ. જેવા વિવિધ અભ્યાસક્રમોની વિસ્તૃત છણાવટ વ્રજેશ શાહ દ્વારા કરવામાં આવી હતી.

સેમિનારમાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાના ઉ.મા. કોમર્સ વિભાગની ૩૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો અને તેમને મુંઝવતા પ્રશ્નોનું માર્ગદર્શન મેળવ્યું હતું. આ તબક્કે ધો-૧૧ અને ધો-૧૨ કોમર્સના તમામ વર્ગશિક્ષકો અને શાળાના સુપરવાઈઝર દિલહરબા હાજર રહ્યા હતા જયારે સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યા સુધાબેન, કેરિયર કોર્નર વિભાગ સંભાળતા મજુભાઈ અને સુપરવાઈઝર દિલહરબા જાડેજાના માર્ગદર્શન અને પ્રેરણાને આધારે સફળ બની રહ્યો હતો.

નેશનલ સ્કૂલ ગેમ્સ થ્રો બોલમાં ગુજરાતની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશી

ગાંધીનગર, તા. ૧૬



ગાંધીનગર માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી કુ. દૃષ્ટિ ચૌધરીની કેપ્ટનશીપ હેઠળ ગુજરાતની ટીમે તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા ૫૮મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં થ્રો બોલ અંડર-૧૪ ગલ્સમાં ગુજરાતી ટીમે સુંદર દેખાવ કરીને ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચી હતી.

માઉન્ટ કાર્મેલ સ્કૂલની દૃષ્ટિ ચૌધરીની કેપ્ટનશીપ હેઠળ તાજેતરમાં ગુજરાતની ટીમે નેશનલ સ્કૂલ ગેમ્સ થ્રો બોલમાં ભાગ લીધો હતો. ૫૮મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં ગુજરાતની ટીમે સુંદર દેખાવ કર્યો હતો અને ક્વાર્ટર ફાઈનલ સ્પર્ધામાં ટીમે પ્રવેશ કરતા ખેલાડીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતના સભ્યોનું સ્નેહમિલન અને સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતના સભ્યોનો સ્નેહ મિલન સમારંભ તથા વરિષ્ઠ સભ્યોનો સન્માન સમારંભ તાજેતરમાં યોજાયો હતો. આ પ્રસંગે સન્માનનીય વ્યકિતઓનું બુકે તથા શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું તથા દલિતોના હિતોનું રક્ષણ કરવા તથા પીડિતોના પ્રશ્નોને વાચા આપી કચડાયેલા દલિત પીડિત સમાજને બેઠો કરવા હાકલ કરી હતી.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરના ઉપક્રમે, સંસ્થાના સભ્યશ્રીઓનો સ્નેહમિલન સમારંભ અને સંસ્થાના વરિષ્ઠ સભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ સી.એમ. લેઉઆ, નિવૃત્ત આઈ.એ.એસ.ના અતિથિ વિશેષપદે સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષપદે, ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમની વિધિવત શરૂઆત કરતાં પહેલાં સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં શહિદ થયેલ ત્રણ નવલોહિયા યુવાનોના તથા દિલ્હીમાં ગેંગરેપના અત્યાચારનો ભોગ બનેલ પીડિતાના મૃત્યુ અન્વયે મૃતાત્માઓને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ સ્નેહમિલન પ્રસંગે મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી જળહળતી જયોતિનાં તેજ કિરણોના સહારે, સમારંભનાં મંગલાચરણ કરવામાં આવ્યાં. સંસ્થાના મહામંત્રી અને સમારંભના ઉદઘોષક મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા તેના સ્વરચિત કાવ્યથી, પ્રાતઃ વંદનીય, દીન-દલિતોના તારણહાર, મહામાનવ અને ભારતરત્ન પૂજય બાબા સાહેબ આંબેડકરની સ્તુતિવંદના કરવામાં આવી. અતિથિ વિશેષ સી.એમ. લેઉઆ અને પ્રમુખ ભાનુકાન્ત પી. પરમારના હસ્તે બાબા સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના ઉપપ્રમુખ આત્માારામ એ. પરમાર દ્વારા અતિથિ વિશેષ અને પધારેલ સર્વેનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. જયારે ઉપપ્રમુખ સોમાભાઈ ડી. પરમારે અતિથિ વિશેષશ્રીનો પરિચય આપ્યો. અતિથિ વિશેષ સી.એમ. લેઉઆનું સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પી. પરમાર દ્વારા બુકેથી સ્વાગત કરી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ સન્માનનીય વયસ્કો સર્વશ્રી ગોવિંદભાઈ બી. પરમાર, ચીમનલાલ એ. સુતરીયા, બુદ્ધ પ્રિય એમ. મૈત્રેય, ભીખાભાઈ એન. વણકર અને રમણલાલ એમ. શ્રીમાળીનું જે.સી. પરમાર, વિરચંદભાઈ પરમાર, પી.જે. રાઠોડ, પાનાચંદ વણકર અને ડી.એમ. પરમાર દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ એમ. લેઉઆ દ્વારા વયસ્કોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માનિત સભ્યોએ તેમજ ઉપસ્થિત સભ્યોએ ડૉ. જગદીપ વાઘેલા, મગનલાલ સોલંકી, જીવણલાલ સિંધવ અને ડી.યુ. પરમાર દ્વારા સંસ્થાની કામગીરીની પ્રશંસા કરી તેને વ્યાપક બનાવવા સૂચનો કર્યા અને સભ્યસંખ્યા વધે તેવા પ્રયાસ કરવા અને બાબા સાહેબના સૂત્ર શિક્ષિત બનો, સંઘર્ષ કરો અને સંગઠિત બનો ને જીવનમાં ઉતારી, સમાજના પડખે રહી પ્રગતિ કરવા સૂચનો કર્યા. જગદીપ વાઘેલા દ્વારા તેઓના ઈન્ફોસિટી ખાતેના કાર્યાલયનો ઉપયોગ ડેમોક્રેટિક પીપલ્સ એસો.ને વિનામૂલ્યે કરવાની ઓફર કરવામાં આવતા સર્વેએ સહર્ષ વધાવી લીધી હતી.

સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પી. પરમારે પ્રસંગોચિત પ્રવચનમાં સંસ્થાના ધ્યેય અને લોકશાહીના આધાર સ્તંભો સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના બંધારણમાં સમાવિષ્ઠ સિદ્ધાંતોના અનુરૂપ કાર્યવાહી દ્વારા દલિતો તથા દિલતો જેવી કોમોના હિતોનું રક્ષણ કરવાની કાર્યવાહી કરવાનો ખ્યાલ આપ્યો હતો અને જગદીપ વાઘેલાએ સંસ્થાની ઓફિસ માટે તેમના મકાનનો ઉપયોગ કરવા કરેલી ઓફર બદલ આભાર વ્યકત કર્યો હતો અને સંસ્થાના સભ્યોને શુભેચ્છાઓ પાઠવી હતી.

અતિથિ વિશેષ સી.એમ. લેઉઆ દ્વારા તેઓના પ્રાસંગિક ઉદબોધનમાં દલિતો, પીડિતોના પ્રશ્નોને વાચા આપી, સમાજને દોરવણીરૂપ અને સહાયકારક થાય તેવા કાર્યક્રમો આપવા અને સદીઓથી કચડાયેલા દલિત પીડિત સમાજને બેઠો કરવા કટિબદ્ધ થવા સભ્યોને હાકલ કરવામાં આવી હતી.

સંસ્થાના મંત્રી જે.સી. પરમાર દ્વારા આભારદર્શન કરી, અલ્પાહાર બાદ સમારંભની પૂર્ણાહુતી કરવામાં આવી. સમારંભના સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધી' દ્વારા કરીને ઉદઘોષક તરીકેની કામગીરી સુપેરે પાર પાડવામાં આવી હતી.

વસંતકુંવરબા કન્યા શાળામાં ઉત્તરાયણ પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૮માં આવેલી બા શ્રી વસંતકુંવરબા એન. સોલંકી પ્રાથમિક કન્યા વિદ્યાલયમાં તાજેતરમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પતંગ બનાવવાની સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓમાં સર્જનશકિતનો, કલા શકિતનો વિકાસ થાય તે હેતુથી શાળામાં પતંગ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૩ અને ધોરણ-૪માંથી યુવરાજ ઝાલા પ્રથમ, દિપીકા પટેલ દ્વિતીય અને સુજલ પરમાર તૃતીય ક્રમે વિજેતા થયા હતા. ધોરણ ૫, ૬, ૭ અને ૮માં વિજય પટણી પ્રથમ, ભૂમિ સુથાર દ્વિતીય અને રૂપલ પટેલ તૃતીય નંબરે વિજેતા થયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા અને ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૭

સૂર્યાસ્ત : ૬.૨૧

તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૩૭ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૪.૩૦, ૭.૩૦
દબંગ-૨ : ૧.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૧૨.૪૫, ૩.૦૦
દબંગ-૨ : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૫ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૩.૩૦, ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૧૫, ૯.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૩.૧૫

: સ્ક્રીન-૨ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦
દબંગ -૨ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા :૮.૩૦, ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

સૂર્યા, વાવોલ

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
તારા રૂદિયાની રાણી બોલે બંધાણી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
વિશ્વરૂપઃ ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૦.૪૫, ૧.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦

ચિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર જિલ્લા દ્વારા આયોજિત લોક ડાયરાનું આયોજન બપોરે ૨.૦૦ કલાકે.

આપની આજ

મેષ : સામાજિક ક્ષેત્રોથી લાભ થશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો થશે.

વૃષભ : ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યો થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

કર્ક : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

સિંહ : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા નાણાં પ્રાપ્ત થશે.

કન્યા : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

તુલા : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

વૃશ્ચિક : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું .

ધન : ખાનપાનની અનિયમિતતાથી બચવું. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

મકર : શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે.

કુંભ : તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી થશે. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે.

મીન : સ્નેહીજનથી મુલાકાત થઈ શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે

ચિરવિદાય

- સ્વ.ચંદુજી કચરાજી ઠાકોર (ઉ.વ. ૬૦)મુ.પો.દેલવાડ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ.ચકુબેન તુલસીદાસ પંચાલ (ઉ.વ. ૮૫) ૧- જયદીપ સોસાયટી, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.મંજુલાબેન નટવરલાલ જોશી(ઉ.વ. ૮૨)સી-૭૦૨, વેદિકા, મુ.પો. ભાયજીપુરા, તા. , જિ. ગાંધીનગર.
- સ્વ.હીનાબેન અજયભાઈ બેબર (ઉ.વ.૫૨)બ્લોક નં. ૨૩૦/૩, બી-ટાઈપ, સેકટર-૧૭, ગાંધીનગર.
- સ્વ.પ્રવીણકુમાર ચુનીલાલ ચૌહાણ (ઉ.વ. ૪૪) ૬૬૩, પીળો પટ્ટો, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ.શ્યામલભાઈ ખેંઘારભી રબારી (ઉ.વ. ૪૦) મુ.પો. ફતેહપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન મફતલાલ દંતાણી (ઉ.વ. ૬૫)સેકટર-૨૭ ના છાપરાં, ગાંધીનગર.
- સ્વ.પરથીભાઈ મફાભાઈ લવારીયા (ઉ.વ. ૬૫) પટેલ ભાગોળ, મુ.પો.કોલવડા, તા., જિ. ગાંધીનગર.